# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી - 17મી એપ્રિલ, 2014

**અરૂણ જેટલી**
**(વિપક્ષી નેતા, રાજ્યસભા)**

**દ્વેષભાવપૂર્ણ નહિ ન્યાયી કામગીરી**

એનડીએના વડા પ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ટેલિવિઝન સમાચાર એજન્સી એએનઆઈને એક મુલાકાતમાં નોંધપાત્ર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે આગામી સરકાર હકારાત્મક કાર્યસૂચિ પર કામ કરશે અને દ્વેષભાવથી નહિ.

ભારતમાં સત્તાપલટો થઈ રહ્યો છે. હરીફ પક્ષો બેચેન બની રહ્યા છે. જનતાની અપેક્ષા વધી રહી છે . લોકો તેમના જીવનની ગુણવત્તાનો નોંધપાત્ર રીતે વિકાસ થાય એમ ઈચ્છે છે. નવી પેઢી શિક્ષણ, નોકરી , રહેઠાણ, આરોગ્ય અને સ્વચ્છતા માટે આશા રાખે છે. રાજકારણ પક્ષો વચ્ચેની લડત બનવાને બદલે તેમાંથી સારા પરિણામો પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા તેઓ ઝંખે છે.

આવા સંજોગોમાં ભવિષ્યમાં સરકાર તેમના હરીફો સામેની લડત કે રાજકીય લડત માટે નહિ ઓળખાય પણ તેમની કામગીરી અને સિદ્દ્ધિઓ દ્વારા યાદ કરવામાં આવશે. તેનો અર્થ એવો પણ નથી કે કાયદા મુજબ કાર્યવાહી ન કરવી. જે લોકો ગુના કરે છે, તેઓ વિરૂદ્ધ તટસ્થ સ્વતંત્ર એજન્સીઓ દ્વારા તપાસ થવી જ જોઈએ. સંસ્થાકીય સ્વતંત્રતા અને વ્યાવસાયીકરણની તકેદારી લેવી જોઈએ. એજન્સીઓ રાજકીય હસ્તક્ષેપ વિના સ્વતંત્રપણે કામગીરી બજાવવી જોઈએ . ભવિષ્યમાં સરકાર આવી ખાતરી આપી શકે છે.

**મતદારો "ઉલ્લુ" નથી**

ભારતના લગભગ અડધા ભાગમાં વર્ષ 2014ની સામાન્ય ચૂંટણીમાં મતદાન થઈ

ચૂક્યું છે. 121 સંસદીય બેઠકો માટે મતદાન થવા જઈ રહ્યું છે. વલણો શું છે? ત્રીજા મોરચાનું જરાપણ વર્ચસ્વ દેખાતું નથી. કોંગ્રેસ રેસમાં પાછળ છે. એનડીએને સરકારની રચનાની એક વાસ્તવિક તક મળવાની શકયતા જણાય છે. યુપીએ સામે વિરોધનો વંટોળ દેખાય છે, તો બીજી બાજુ રાષ્ટ્રીય મૂડ નરેન્દ્ર મોદીની તરફેણમાં છે . સરેરાશ ભારતીય એવું ઈચ્છે છે કે દેશની સમસ્યાઓનો અંત લાવવા સ્થિર સરકાર કોણ લાવશે? આ પ્રશ્નનો જવાબ ચોક્કસપણે ભાજપ અને એનડીએ મદદ કરે છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રત્યે જનઆક્રોશ ભભૂકી રહ્યો છે એ વાત સ્વીકારવી જ જોઈએ. તેઓ "ઉલ્લુ(મૂર્ખ)" નથી એટલે જ કોંગ્રેસ વિરૂધ્ધ મત આપી રહ્યા છે. પરાજયની પછડાટ અનુભવતા નેતાઓએ તેમની ઉદારતા છોડવી ન જોઈએ. લોકો કોંગ્રેસ વિરૂધ્ધ મત આપે છે તેમ કરવા માટે અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. મતદારોનો આક્રોશ રાહુલ ગાંધીએ તેઓને વર્ણવવા માટે પસંદ કરેલા ચાર અક્ષરના શબ્દ પૂરતો મર્યાદિત નથી.